Prem Prakashan

આણંદ, નડીયાદ, ખેડા જિલ્લાની ચારેકોરથી

# દિવ્ય સમાચાર

# પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કોલેજોમાં રોજગાર મેળાનું સફળ આયોજન




આણંદ, તા. ૨૯

કોલેજ કેમ્પસ પેટલાદ ખાતે ૨૫ જૂન ૨૦૨૬, ગુરુવારના રોજ પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, શ્રીમતી એસ. આઈ. પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન અને શ્રીમતી એસ. આઈ. પટેલ ઈપ્કોવાળા કોલેજ ઓફ કોમર્સ અને રોજગાર કચેરી પેટલાદના સંયુક્ત ઉપક્રમે એક ભવ્ય રોજગાર મેળાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓના ભવિષ્યને ઉજ્જવળ બનાવવાના ઉદ્દેશ્ય સાથે યોજાયેલા આ મહત્વપૂર્ણ કાર્યક્રમમાં પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટના માનનીય પ્રમુખશ્રી પ્રજેશભાઈ પરીખ સાહેબ, રોજગાર કચેરી પેટલાદના પ્રતિનિધિ શ્રી હાર્દિકભાઈ, કોલેજના આચાર્યશ્રીઓ ડો. વિમલભાઈ જોશી, ડો. નયનાબેન શુક્લ, અને ડો. રાજેશ મોદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત પ્લેસમેન્ટ સેન્ટર કોર્ડીનેટર વિશાબેન પટેલ, વિવિધ કોલેજના પ્લેસમેન્ટ કોર્ડીનેટરશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને નોકરી દાતાઓ તરીકે વિવિધ નામાંકિત કંપનીઓ તથા શાળાઓના પ્રતિનિધિઓ પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આ ભવ્ય કાર્યક્રમની શુભ શરૂઆત પરંપરાગત રીતે દિપપ્રાગટ્ય અને પવિત્ર શ્લોકગાન દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત તમામ મહેમાનશ્રીઓનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું અને શ્રી સી. જે. તન્નાએ સમગ્ર કાર્યક્રમની રૂપરેખા વિગતવાર સમજાવી હતી. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ સાહેબનો સફળતા માટેનો પ્રેરણાદાયી સંદેશ ડો. વિમલ જોશી સાહેબ દ્વારા વાંચી સંભળાવવામાં આવ્યો હતો. ત્યારબાદ રોજગાર કચેરીના પ્રતિનિધિ શ્રી હાર્દિકભાઈએ હાજર રહેલી તમામ કંપનીઓ અને શાળાઓને આજના સમયમાં આ રોજગાર મેળાના મહત્વ અને તેની અનિવાર્ય જરૂરિયાત અંગેની સચોટ જાણકારી આપી હતી.

વિદ્યાર્થીઓના હિત માટેના આ સરાહનીય પ્રયાસમાં ૨૦૦ જેટલા ઉત્સુક વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર પોતાનું રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. મેળા દરમિયાન તમામ કંપનીઓ અને શાળાઓના પ્રતિનિધિઓને ઇન્ટરવ્યૂ માટે યોગ્ય સ્થાનની ફાળવણી કરવામાં આવી હતી, જ્યાં વિદ્યાર્થીઓએ પૂરા આત્મવિશ્વાસ સાથે ઇન્ટરવ્યૂ પ્રક્રિયામાં ભાગ લઈને પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરવાનો પ્રયત્ન કર્યો હતો. પ્લેસમેન્ટ સેન્ટર કોર્ડીનેટર વિશાબેને પોતાની સચોટ સૂઝબૂઝથી સમગ્ર કાર્યક્રમની સંપૂર્ણ અને મહત્વપૂર્ણ જવાબદારી ખૂબ જ સફળતાપૂર્વક નિભાવી હતી, જેના કારણે સમગ્ર વ્યવસ્થા અત્યંત સુદ્રઢ રહી હતી. ઇન્ટરવ્યૂની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તમામ વિદ્યાર્થીઓ હળવું ભોજન લઈને આનંદભેર છૂટા પડ્યા હતા. સાથે જ આમંત્રિત મહેમાનશ્રીઓ અને કોલેજ પરિવારે પણ સાથે ભોજન લઈ આનંદની અનુભૂતિ કરી હતી અને આ રીતે સમગ્ર રોજગાર મેળો ખૂબ જ ભવ્ય અને સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.